# કોરોના: આજના સંજોગોમાં શિક્ષકની નૈતિક ફરજ

અત્યારે આખી દુનિયામાં કોરોનાનો કહેર છે, કુલ ૧૯૨ જેટલાં દેશ તેના ભરડામાં આવી ગયા છે. તેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. આપણા દેશ કરતા આર્થિક અને મેડીકલમાં સમૃદ્ધ એવા દેશોમાં પણ કોરોનાનો ફેલાવો ભયંકર પણે ફેલાઈ ગયો છે અને હજુ આગળ વધી રહ્યો છે. આપણા સદનસીબે ભારતમાં એટલા પ્રમાણમાં ફેલાયો નથી, પણ ફેલાવાની પુરેપુરી શક્યતા છે. આ રોગની કોઈ ચોક્કસ વિશ્વાસપાત્ર દવા નથી, માટે તે વધુ ભયંકર છે. ત્યારે તેનાથી બચવાનો એક માત્ર ઉપાય તેને ફેલાતો અટકાવવાનો છે. તેને ફેલાતો અટકાવવા માટે અત્યારની પરિસ્થિતિમાં આપણા દેશમાં લોકડાઉન કરવામાં આવ્યું છે. જેથી કોઈ વ્યક્તિ બીજાના સંપર્કમાં આવે નહિ અને રોગ ફેલાતો અટકાવી શકાય. આ માટે આપના વડાપ્રધાને બે હાથ જોડીને પગે લાગીને બધાને વિનંતી કરી છે. પરિણામે લોકો જાગૃત બન્યા છે, સૌ જાણે છે કે આ પરિસ્થિતિમાં શું કરવું અને ના કરવું. આમ છતાં આજે ઘણાં લોકો અત્યારની અને ભવિષ્યની પરિસ્થિતિને ગંભીરતાથી લેતા નથી. બધું જ જાણતા હોવા છતાં કરવા જેવો અમલ કરતા નથી. અત્યારે સૌએ પોતાના ઘરમાં જ રહેવાનું છે. જેથી બીજાના સંપર્કમાં ના આવીએ. પણ ઘણાં લોકો આજે પણ રોડ પર ઢોરની જેમ રખડવા નીકળે છે, સામાન્ય જરૂરિયાત હોય તો પણ શોખ ખાતર, માઈન્ડ ફ્રેશ કરવાના બહાને બહાર નીકળે છે. વળી તેઓ બીજાને સલાહ આપશે, મોટીમોટી વાતો કરશે. પણ પોતાને જે કરવાનું છે, સરકારે જે અપીલ કરી છે તેનો અમલ નહિ કરે. ત્યારે જો તે અમલ 100 ટકા કરવામાં નહિ આવે તો આપણે સૌએ ભોગવવાનું આવશે જ.

ઉપરોક્ત પરિસ્થિતમાં શિક્ષક શું કરે તો એ **સાચા અર્થમાં પોતાનું શિક્ષકત્વ સાબિત કરી શકે?** અત્યારે **ડોક્ટર, પોલીસ અને સૈનિક** પોતાના જીવના જોખમે પણ પોતાની ફરજ બજાવી રહ્યા છે. ત્યારે તેમાંથી શિક્ષક કેવી રીતે બાકાત રહી શકે? આજે વાત કરવી છે શિક્ષકોને કે, **ડોક્ટર કે પોલીસ જીવના જોખમે** પોતાની ફરજ બજાવે છે, તો **શિક્ષકો જીવના જોખમ વગર** પોતાના ઘરમાં રહીને એક ફરજ બજાવે તો તેઓ પણ દેશસેવા કરીને સાચા શિક્ષક તરીકેની પોતાની ઓળખ સમાજને આપી શકે. અને તે ફરજ છે કે, તમે તો ઘર બહાર ના જ નીકળો અને તમારા ઘરના સભ્યને પણ ના નીકળવા દો. સાથે દરેક શિક્ષકે પોતાના પડોશીને અને પોતાના સગાંને અને વિદ્યાર્થીઓને આ બબાતે સમજાવવાના છે કે તેઓ પણ સરકારની છૂટ ના મળે ત્યાં સુધી ઘર બહાર ના નીકળે. બસ આ જ આપેક્ષા શિક્ષકો પાસે છે કે, તેઓ શક્ય તેટલા વધુ લોકોને સમજાવે કે તેઓ ઘર બહાર ના જ નીકળે.

**શિક્ષક એ ડોક્ટર કે સૈનિક કરતા સહેજ પણ ઉતરતો નથી, તે સાબિત કરવાનો આ સમય છે.** ડોક્ટર કે સૈનિક તો જીવના જોખમે ફરજ બજાવે છે, શિક્ષકે તો જોખમ અને ખર્ચ વગર પોતાના ઘરમાં બેસીને ફરજ બજાવવાની છે. બસ જરૂર છે **માત્ર નિષ્ઠાની. ડોક્ટરને જણાવો કે તમે હોસ્પિટલ સંભાળો, સૈનિકને કહો કે તમે સરહદ સંભાળો, પોલીસને કહો કે તમે ગુનેગારને સંભાળો અને અમે સમાજને સંભાળીશું** . અમે પણ તમારા જેટલી જ નિષ્ઠાથી ફરજ બજવીશું. ડોક્ટર, પોલીસ અને સૈનિક તો પોતાના કામમાં ગળાડૂબ છે, ત્યારે સમાજને રાહ ચીંધવાનું નેતૃત્વ દરેક શિક્ષકે લેવું પડશે. તેમ કરીને સમાજ અને સરકારને બતાવી દો કે, તમે **સાચા અર્થમાં માત્ર શિક્ષક જ નહિ સમાજ સેવક અને દેશ સેવક છો.** દરેક શિક્ષકે વિચારવાનું છે કે, આજના સંજોગોમાં જો ડોક્ટર રજા પર ઉતરે તો? સૈનિક કે પોલીસ રજા પર ઉતરે તો? ના જ ચાલે. તો આપણે રજા પર રહીને પણ ધારીએ તો ફરજ બજાવી શકીએ. **આપણે જ વિદ્યાર્થીઓને નાગરિકતાના પાઠ શીખવીએ છીએ, તો શું આપણે એ જ નાગરિકતાને ભૂલી જઈશું?** આજ કોલમમાં કેટલાક દિવસ પહેલા કહેલું કે, **શિક્ષકની ફરજ માત્ર વર્ગખંડ પુરતી નથી. વર્ગખંડ બહાર પણ છે, જે આજના સંજોગોમાં તમે બજાવીને પોતાની જાતને ગૌરવતા અપાવો.**

આજે પણ ઘણાં લોકો ઘર બહાર નીકળીને ડોક્ટર અને પોલીસના કામમાં વધારો કરે છે. ત્યારે એક નાગરિક તરીકેની ફરજ છે કે, તમે બીજી મદદ ના કરો તો વાંધો નથી, પણ જે કરે છે તેના કામમાં વધારો તો ના કરો. આમ કરશો તો પણ દેશ સેવા કરી ગણાશે. આજે ઘણાં લોકો નાની નાની જરૂરિયાતના ભાગરૂપે ઘર બહાર નીકળે છે. કહે છે કે, શાકભાજી નથી કે ફલાણું નથી કે કોઈ ચોક્કસ વાનગી ખાવી છે, ત્યારે એવા લોકોને સમજાવો કે ભાઈ આવી પરિસ્થિતિમાં ચલાવતા શીખો. શાકભાજી વગર પણ રસોઈ બનાવીને ખાઈ શકાય છે. હકીકતમાં બહાર નીકળતા ઘણાં લોકો સામાન્ય જરૂરિયાતના ભાગરૂપે કે લટાર મારવાના મોહમાં જ નીકળતા હોય છે. જે ચલાવી શક્ય તેમ હોય છે. ઘરમાં પત્નીને કહ્યું કે, કોઈ વાનગી બનાવો. પત્ની કહે કે, ફલાણી વસ્તુ નથી. તરત જ ભાઈ કહે કે, હું લઇ આવું છું. પોલીસ પકડે તો દવા કે બીજા ખોટા બહાના કાઢવાના. શું આવું ખાવું કે કરવું જરૂરી છે? આવા લોકોને સરકાર, પોલીસ અને મિડિયા સમજાવીને થાક્યા, પણ ઘણાં લોકો નથી સમજતા. ત્યારે એક શિક્ષક તરીકે આપણે આપણી ભૂમિકા ભજવીને આવા લોકોને સમજાવીને ઘરમાં જ રહે તેમ કરી ડોક્ટર, પોલીસ અને સૈન્યની હરોળમાં આવવાનું છે. આજે ડોક્ટર, પોલીસ, સૈન્ય, મિડિયા કર્મચારી અને અન્ય ઘણાં ઘણાં લોકો પોતપોતાની રીતે ફરજ બજાવે છે ત્યારે આપણે ઘરમાં બેસીને પણ ઘણું કરી શકીએ.? શિક્ષકે એવું માનવાની જરૂર નથી કે બીજાનું નથી માન્યા તો અમારું કેમ માને? તો એવો અવિશ્વાસ તમારી પર ના રાખો. બીજા લોકો એ રૂબરૂ કહ્યું નથી. તમે રૂબરૂ કહેશો તો 100 ટકા અસર થશે. ગુજરાતમાં ચાર લાખ શિક્ષકો છે, ત્યારે **દરેક શિક્ષક આવા રોડ પર ઢોરની જેમ રખડતા પાંચ વ્યક્તિને રોકશે તો પણ વીસ લાખ લોકો રોકાશે**. જો આમ બને તો શિક્ષકે આ પરિસ્થિતિમાં બજાવેલી ફરજની નોધ માત્ર આપણો સમાજ કે રાજ્ય કે દેશ જ નહિ, આખી દુનિયા લેશે. આજે વિશ્વના તમામ દેશની નજર ભારત પર છે કે, ગીચ વસ્તી, ગરીબી અને નિરક્ષરતા વચ્ચે પણ ભારત કોરોનાથી ક્યારે, કેવી રીતે અને કેટલો છૂટકારો મેળવે છે? ત્યારે આપણે બચીને, આપણા પાડોશી, સગાં અને વિદ્યાર્થીને સમજાવી બચાવીને દેશની આબરુને બચાવવાની છે. માત્ર એટલું જ કે બધું જ જાણતા હોવા છતાં **કોરોના સામેની લડતમાં સાથ નહિ આપતા વ્યક્તિને સમજાવીને તેઓ સરકારની તમામ સૂચનાનું પાલન કરે, ઘરમાં રહે તેવા પ્રયત્નો દરેક શિક્ષકે કરવાના છે.**

અત્યારે સમય પસાર કરવાનું એક માત્ર સાધન સોસિયલ મિડિયા બની ગયું છે, ત્યારે તેની ટેવ નાં પડી જાય તેની સંભાળ શિક્ષકોએ રાખવાની જરૂર છે. નહિ તો સ્કૂલ કોલેજમાં પણ તેના વગર નહિ ચાલે. એમાંથી કેટલાક અંશે બહાર આવવા આ એકવીસ દિવસની રોજનીશી લખજો. તમને ખ્યાલ આવશે કે તમે તમારો મોટાભાગનો સમય ક્યાં પસાર કર્યો ? વાંચન કરો, થોડું લખો. પડોશી અને વિદ્યાર્થીઓ અને સગાંને પણ વાચવાની પ્રેરણા આપો. શક્ય હોય તો શાળામાં રહેલા પુસ્તકો લઇ આવો અને તેમને આપો. અથવા ઈન્ટરનેટ પર મફતમાં વાંચવા મળતા પુસ્તકો જણાવો. હજુ કેટલાક દિવસ આ રીતે પસાર કરવાથી એકલતા કે પ્રવૃત્તિ વગર કંટાળી જશો. માનસિક અસર થશે. તેવા સમયે મનોવિજ્ઞાનનો આશરો લો અને બીજાને આપી સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરજો.

**અશોકી** : દેશસેવા માત્ર સરહદ પર જવાથી જ થાય છે એમ નથી ઘરમાં બેસીને પણ કરી શકાય. જે સેવા આજના સંજોગોમાં શિક્ષકોએ ઉઠાવવાની છે. શિક્ષક કભી સાધારણ નહિ હોતા, તે સાબિત કરી બતાવી સમાજ અને સરકારની સેલ્યુટના હકદાર બનીએ.